સ.મ.પ્રે.ગાં-એચ-૧૬૧૮-૨૫૦૦-૧-૯૯

૪૫ વર્ષની વય ધરાવતા સરકારી કર્મચારીઓને ખાતાકીય પરીક્ષામાંથી મુક્તિ આપવા બાબત.

ગુજરાત સરકાર

## સામાન્ય વહીવટ વિભાગ

ઠરાવ ક્રમાંક : ખતપ-૧૦૯૮-૧૫૦૭-ક.

સચિવાલય, ગાંધીનગર તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૯.

વંચાણે લીધા :-

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૩૦-૩-૮૯નો ઠરાવ ક્રમાંક : ખતપ-૧૦૮૯-ક,

(૨) નાણા વિભાગનો તા. ૨૦-૧૨-૯૧નો ઠરાવ ક્રમાંક : એઓપી-૧૦૯૧-૨૮-મ,

(૩) ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળની તા. ૨૭-૧૦-૯૮ની રજૂઆત.

### આમુખ

ઉપર ક્રમ-૧માં દર્શાવેલ હુકમથી સરકારી કર્મચારીઓ/અધિકારીઓ માટેની સેવાની શરત તરીકે અને ઉચ્ચ જગા પર બઢતી મેળવવાની ખાતાકીય પરીક્ષા પાસ કરવા અંગેની સામાન્ય પધ્ધતિ અપનાવવા બાબતે હુકમ કરવામાં આવ્યા છે. આ ઠરાવ અનુસાર બઢતી મેળવવા માટેની ખાતાકીય પરીક્ષા નિયત તકો અને સમય મર્યાદામાં પાસ કરી ન હોય તેવા સરકારી કર્મચારીને પરીક્ષા પાસ ન કરે ત્યાં સુધી બઢતી મળતી નથી. તેના સંદર્ભે ઉપર ક્રમ-૩માં દર્શાવેલ ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ ધ્વારા એવી રજૂઆત કરવામાં આવેલ છે કે, ખાતાકીય પરીક્ષા નિયમો ઘડાયા બાદ કેટલાક સંવર્ગોમાં વહીવટી કે અન્ય કારણોસર આવી પરીક્ષાનું લાંબા સમય સુધી આયોજન કરવામાં આવેલ નથી. અથવા એક યા બીજા કારણોસર પરીક્ષા લેવાનું શકય બનતું નથી. જેમાં કર્મચારીનો પોતાનો કોઈ દોષ હોતો નથી. આવી પરિસ્થિતિમાં વહીવટી કારણોસર ખાતાકીય પરીક્ષા યોજવાનું શકય બનેલ ન હોય તે સંવર્ગમાં ખાતાકીય પરીક્ષા નિયમો ઘડાયા બાદ પ્રથમ વખત ખાતાકીય પરીક્ષા યોજાઈ હોય અથવા યોજાય તે તારીખે જે કર્મચારીઓએ ૪૫ વર્ષ પુરા કર્યા હોય તેમને જે તે ખાતાકીય પરીક્ષામાંથી મુક્તિ આપવી જોઈએ. કર્મચારી મહામંડળની આ રજૂઆત ધ્યાનમાં રાખી આવા કિસ્સામાં સરકારી કર્મચારીઓને ૪૫ વર્ષ ખાતાકીય પરીક્ષામાંથી મુક્તિ આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

### ઠરાવ

પુખ્ત વિચારણાને અંતે સરકાર ઠરાવે છે કે, બઢતી માટે ખાતાકીય પરીક્ષા નક્કી થયેલ હોય, પરંતુ જે સંવર્ગમાં વહીવટી અથવા તે અન્ય કાબુ બહારના કારણોસર પરીક્ષાનું આયોજન થઈ શકેલ ન હોય અને તેમાં કર્મચારીનો કોઈ દોષ ન હોય તેવા સંવર્ગોમાં ખાતાકીય પરીક્ષાના નિયમો ઘડાયા બાદ પ્રથમ પરીક્ષા યોજાઈ હોય અથવા યોજાય ત્યાં સુધીમાં જે કર્મચારીએ ૪૫ વર્ષ પુરા કર્યા હોય તેઓને ખાતાકીય પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ આપવાની રહેશે. અને આ રીતે મુક્તિ મેળવેલ કર્મચારીઓ ઉચ્ચતર પગાર ધોરણ તથા બઢતી મેળવવાને પાત્ર ગણાશે.

૨. ઉપર જણાવેલ મુક્તિ નીચેની શરતોને આધીન રહેશે :-

(૧) આ મુક્તિનો લાભ મેળવનાર કર્મચારીને હુકમોની તારીખથી લાભ મળવાપાત્ર થશે. આ મુક્તિનો લાભ મેળવનારને બઢતી કે ઉચ્ચતર પગાર ધોરણ મળવાને કારણે અગાઉ જે લોકોએ ખાતાકીય પરીક્ષા પાસ કરી હોય તેનાથી સીનીયર હોવાનો લાભ મળશે નહિ.

(૨) આવા સંવર્ગની ખાતાકીય પરીક્ષા લેવાય તો તેમણે તેમાં બેસીને ઉત્તીર્ણ થવાનું રહેશે. તેમ કરવામાં નિષ્ફળ જશે તો તેમને મળેલ લાભ પરત લેવામાં આવશે, તે મતલબનું બાંહેધરી પત્રક લખાવીને જ આ લાભ આપવાના રહેશે.

(૩) જે સંવર્ગમાં બઢતી માટે તાલીમની જોગવાઈ છે અને વિભાગ તરફથી તાલીમ યોજાઈ ન શકવાને કારણે કે બધાને તાલીમમાં સમાવેશ ન કરી શકવાને કારણે આવા સંવર્ગમાં ઉચ્ચતર પગાર ધોરણ અને બઢતી નથી મળતી તેવા કિસ્સામાં બઢતી માટે તેમજ ઉચ્ચતર પગાર ધોરણ માટે પાત્ર ગણાશે. પરંતુ, તેમને બઢતી માટેની તાલીમમાં મોકલવામાં આવે, તેમાં જવા સંમત ન હોય અથવા તો તાલીમાન્ત પરીક્ષા પાસ ન થાય તો તેઓને બઢતી કે ઉચ્ચતર પગાર ધોરણનો મળેલ લાભ પરત લેવામાં આવશે, તે મતલબનું બાંહેધરી પત્રક લખાવીને જ આ લાભ આપવાના રહેશે.

૩. ઉપર જણાવેલ પરિસ્થિતિ જે સંવર્ગમાં હોય તે ખાતાના વડાએ સંબંધિત વહીવટી વિભાગ મારફતે સા. વ. વિ. ને જરૂરી દરખાસ્ત કરવાની રહેશે અને સા. વ. વિ. ની મંજરી બાદ જ જે તે સંવર્ગના કર્મચારીને મુકિતના હુકમો સંબંધિત ખાતાના વડા/વહીવટી વિભાગે કરવાના રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા. ૧૩-૧૨-૯૮ના રોજ મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

જે. એસ. દવે,
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી,
મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,
વિરોધ પક્ષના નેતાના અંગત સચિવશ્રી,
બધા મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવો.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.
*રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત સર્વિસ ટ્રીબ્યુનલ, અમદાવાદ.
*એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
એડીશનલ એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો/સર્વે ખાતાના વડાઓ.
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ.
સીલેકટ ફાઈલ.

*પત્ર દ્વારા.